ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૩૮ ટકા

# નંબર પ્લેટ સાથે ચેડા કરતા વાહનચાલકો પર તવાઈ

## મેમો ઘરે ન આવે તે માટે નંબર પ્લેટ વાળી નાખતા ચાલકોના વાહનો ડિટેઇન કરી લેવાની કડક સૂચના : નંબર પ્લેટ સાથે ચેડા કરવા જેવી ઘટના ગંભીર સમસ્યા નોતરી શકે છે : ગુનેગારો આનો પૂરતો લાભ લઇ રહ્યા છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર પોલીસ દ્વારા શહેરનાં મુખ્ય માર્ગો અને પ્રવેશદ્વારો પર પૂરતા પ્રમાણમાં સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવ્યા છે અને સીટ બેલ્ટ, હેલ્મેટ નહિ પહેરતા વાહનચાલકો ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં તથા રોંગ સાઈડમાં આવતા વાહનચાલકોને ઈ-મેમો ફટકારવાનું શરૂ કરી દીધું છે. દરરોજ ૫૦૦થી વધુ ઈ મેમો ઈસ્યુ થઈ રહ્યા છે ત્યારે પોલીસને ધ્યાને એક ગંભીર ઘટના આવી છે. ઈ-મેમો ઘરે ન આવે તે માટે સીસીટીવી કેમેરાથી બચવા માટે વાહનચાલકો પોતાની નંબર પ્લેટ સાથે ચેડા કરી રહ્યા છે. કદાચ વાહનચાલકો નથી જાણતા કે ૨૦૦-૫૦૦ રૂપિયા બચાવવાની લ્હાયમાં તેઓ ગંભીર ભૂલ કરી રહ્યા છે. વાહનચાલકોની આ પ્રવૃત્તિને કારણે કેટલાય ગુનેગારો તેનો પુરતો લાભ લઈ રહ્યા છે. આ બાબતને ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસ અધિક્ષકે નંબર પ્લેટ સાથે ચેડા કરીને ફરતા



વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે. આજથી જ આવા વાહનો ડિટેઈન કરવાની કામગીરી પોલીસ દ્વારા કડકપણે શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ગંભીર પ્રકારના ગુનાઓ વધી રહ્યા છે ત્યારે પોલીસ આ ગુનાનો ભેદ ઉકેલવા માટે સીસીટીવી કેમેરાની મદદ લેવા પ્રયત્ન કરે ત્યારે એક મોટી સમસ્યા સામે આવે છે. સીસીટીવી કેમેરા ચેક કરાય ત્યારે ખબર પડે છે કે સંખ્યાબંધ વાહનોમાં નંબર પ્લેટ સાથે ચેડા થયેલા હોય છે. કેટલાક વાહનચાલકોએ પોતાના વાહનની નંબર પ્લેટ વાળી નાખી હોય છે તો કેટલાક વાહનચાલકોએ નંબર પ્લેટનો થોડો ટુકડો તોડી નાખ્યો હોય છે. કેટલાક વાહનચાલકોએ પોતાના વાહનના નંબર પ્લેટ પર એકાદ આંકડો વંચાય નહીં તે રીતે તેના ઉપર સ્ટીકર મારી દીધું હોય છે. નંબર પ્લેટ સાથે ચેડા કરવા એ સજાપાત્ર ગુનો છે. એટલું જ નહીં મોટાભાગના હિટ એન્ડ રન જેવા કિસ્સાઓમાં પણ જોવા મળ્યું છે કે નંબર પ્લેટ સાથે ચેડા કર્યા હોવાથી આરોપી સુધી પોલીસ પહોંચી શકી નથી. આ પ્રકારની બાબત ભવિષ્યમાં ગંભીર સમસ્યા નોતરી શકે તેમ છે. જેને ધ્યાને રાખીને જિલ્લા પોલીસ અધિક્ષકે આવા વાહનો તાત્કાલિક અસરથી ડીટેઈન કરવા માટે સ્થાનિક પોલીસને સૂચનાઓ આપી દેતા આજથી જ આવા વાહનો ડિટેઈન કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# સીરીયલ કિલરના ખોફને પગલે પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં કોમ્બિંગ કર્યું

## કિલરની મોડસ ઓપરેન્ડી મુજબ તે રજાના દિવસે જ અંતરિયાળ વિસ્તારમાં હત્યા કરે છે : પોલીસે પણ રજાના દિવસે અંતરિયાળ વિસ્તારમાં કોમ્બિંગ કરી શંકાસ્પદોની પૂછપરછ કરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર પાસેના ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિય થયેલા સીરીયલ કિલરે ગાંધીનગર પોલીસની ઉંઘ ઉડાડી દીધી છે. આ કિલરને પકડવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી અલગ અલગ ટીમો કરાઈ છે તો બીજી તરફ તેની મોડેસ ઓપરેન્ડી મુજબ તે રજાના દિવસોમાં જ ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અંતરિયાળ જગ્યાએ હત્યા કરતો હોવાથી ગાંધીનગર પોલીસે આજે રવિવારે રજા હોવાથી કોમ્બિંગનું આયોજન કર્યું હતું. કોમ્બિંગ દરમિયાન પોલીસે નંબર વગરના વાહનો લઈને ફરતા શખ્સો ઉપરાંત અન્ય શંકાસ્પદ વ્યક્તિઓને પણ પકડીને તે તમામની જરૂરી પુછતાછ કરી હતી.

ગાંધીનગરમાં સક્રિય થયેલા સિરિયલ કિલરની મોડસ ઓપરેન્ડી એવી છે કે તેણે અત્યાર સુધી ત્રણ હત્યાઓ કરી છે તે ત્રણેયમાં રજાનો દિવસ પસંદ કરવામાં આવ્યો છે. એટલે કે બે હત્યાનો રવિવારે સવારના સમયગાળામાં થઈ છે જ્યારે ત્રીજી શેરથા ગામ પાસે થયેલી હત્યા પ્રજાસત્તાક દિવસની જાહેર રજાના દિવસે થઈ છે. ત્રણેય હત્યા રજાના દિવસે થઈ હોવા ઉપરાંત જેની-જેની હત્યા થઈ તે આધેડ વયની વ્યક્તિ હોવાનું ધ્યાને આવ્યું છે. તે ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં અંતરિયાળ જગ્યાએ કિલરે હત્યા કરી છે. ત્રણેય હત્યામાં પાછળના ભાગેથી માથે ગોળી મારી દેવામાં આવી છે. હત્યા કરવા માટે જે હથિયારથી ફાયરિંગ થયું તે સ્ટાન્ડર્ડ વેપન હોવાનું ફોરેન્સિક એક્સપર્ટનું માનવું છે. આ મોડસ ઓપરેન્ડી ને ધ્યાને લઈને પોલીસે અલગ અલગ દિશાઓમાં તપાસ શરૂ કરી છે પરંતુ હજુ સુધી પોલીસના હાથે કિલર તો ઠીક પરંતુ તેને શોધી લેવા માટેની કોઈ પ્રકારની કડી મળી નથી. એક તરફ ગાંધીનગર પોલીસની ટીમો કિલરને પકડવા માટે સક્રિય થયેલી છે તો બીજી તરફ આ કિલર દ્વારા બીજી હત્યાને અંજામ આપી ન દેવાય તે માટે આજે રવિવારના રજાના દિવસને ધ્યાને રાખીને પોલીસ દ્વારા કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. જે ત્રણ ગામોમાં હત્યા થઈ છે તેવા કોબા, શેરથા અને દંતાલી ગામમાં તથા તેની આસપાસના ગામોમાં અંતરિયાળ જગ્યાઓ પર પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોમ્બિંગ દરમિયાન જે વ્યક્તિઓ શંકાસ્પદ જણાઈ આવ્યા તે તમામની જરૂરી પુછતાછ પણ કરવામાં આવી છે.

# રાજયમાં પાંચમી ફેબ્રુઆરીએ એસ.ટી. બસના પૈડા થંભી જશે

ગાંધીનગર, તા.૩

રાજયભરના એસ.ટી. કર્મચારીઓની વિવિધ પડતર માંગણીઓને લઈ આગામી પમી ફેબ્રુઆરીથી કર્મચારી યુનિયનોની સંકલન સમિતિ દ્વારા આંદોલન શરુ કરાશે. આંદોલન સ્વરૂપે એસ.ટી. વિભાગના કર્મચારીઓએ રાજય વ્યાપી હડતાલ કરવાની ચીમકી ઉચ્ચારી છે. જેથી રાજયભરમાં એસ.ટી. બસના પૈડાં થંભી જશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજય સરકાર દ્વારા સાતમું પગારપંચ લાગુ તો કરી દેવામાં આવ્યું છે. પરંતુ ગુજરાત એસ.ટી.ના કર્મચારીના ૭મા પગારપંચના પ્રશ્નોનો નિકાલ આવ્યો નથી. સરકારના નેતાઓ, ધારાસભ્યો અને કોર્પોરેટરોને મળતા ભથ્થામાં વધારો કરવાની વાત આવે ત્યારે સરકાર દ્વારા ગણતરીના કલાકોમાં તેની અમલવારી કરવામાં આવે છે. પરંતુ સરકારી વિભાગના કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ લાંબા સમય સુધી નથી આવતું આ કારણથી એસ.ટી. કર્મચારીઓની વિવિધ પડતર માંગણીઓને લઈને આગામી પમી ફેબ્રુઆરીથી કર્મચારી યુનિયનોની સંકલન સમિતિ દ્વારા આંદોલન શરુ કરવામાં આવશે.

નિગમ બચાવોના નારા સાથે કર્મચારીઓએ આંદોલન કરવાની સરકાર સામે ચિમકી ઉચ્ચારી છે. અગાઉ એસ.ટી. કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવાની બાંહેધરી રાજય સરકારે આપી હતી. પરંતુ સરકાર દ્વારા એસ.ટી. કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ આજ દિન સુધી આવ્યું નથી જેના કારણે હવે એસ.ટી.વિભાગના કર્મચારીઓએ પમી ફેબ્રુઆરીથી હડતાલ અને આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. હડતાલના કારણે પમી ફેબ્રુઆરીથી રાજયની તમામ એસ.ટી. બસોના પૈડાંઓ થંભી જશે અને રાજયના હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. મોટા ભાગના શાળા કોલેજના વિદ્યાર્થીઓ એસ.ટી. બસનો ઉપયોગ કરતા હોય છે જેના કારણે તેમને પણ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડશે.

# ગાંધીનગરમાં કોસ્ટગાર્ડનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૩

દેશની દરિસાઈ સીમા સુરક્ષાની સાથે કુદરતી આપત્તિ સમયે બચાવ કામગીરી કરતા ભારતીય તટરક્ષક દળનો ૪૩મો સ્થાપના દિન તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયો હતો જેમાં રાજયપાલના હસ્તે પ્રથમવાર રાજભાષા હિન્દીમાં તટરક્ષક દળની વર્ષ ૨૦૧૮-૧૯ તટરક્ષક વિવરણીકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

તટરક્ષક દળના સ્થાપના દિને ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ સંબોધનમાં દેશની દરિસાઈ સીમા સુરક્ષાની સાથે કુદરતી આપત્તિ સમયે બચાવ કામગીરી માટે ભારતીય તટરક્ષક દળ હંમેશા તત્પર અને તહેનાત રહે છે. આંતરરાષ્ટ્રીય



સમુદ્રી સીમાની સાથે ગુજરાત લાંબો દરિયા કિનારો ધરાવે છે. જેના પરિણામે સમગ્ર દેશમાં ખુબ જ મહત્વનું ભૌગોલિક સ્થાન પણ ધરાવે છે. વૈશ્વિક કક્ષાની ઓઈલ રિફાઈનરી, દરિયાઈ કુદરતી સંપત્તિ, માછીમારી વ્યવસાય અને સમુદ્રી વ્યાપારમાં ગુજરાતનો સમુદ્રી કિનારો મહત્વનો છે તેમ જણાવ્યું હતું.

આધુનિક ટેકનોલોજીની મદદથી સમુદ્રી ઘુસણખોરી અટકાવવા, માછીમારોના રક્ષણ, સમુદ્રી પ્રદૂષણ અટકાવવા જેવા અનેક ક્ષેત્રોમાં સુરક્ષા અને સલામતી જાળવવા ભારતીય તટરક્ષક દળના જવાનો હંમેશા દેશસેવામાં તૈયાર રહે છે તેમ રાજયપાલે ઉમેર્યું હતું.

આ ઉજવણી પ્રસંગે ભારતીય તટરક્ષક દળ ઉત્તર પશ્ચિમ મુખ્યાલયના આઈ.જી. રાકેશ પાલ સ્વાકના વડા એચ.એસ. અરોરા, રાજય સરકારના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, તટરક્ષક દળના ઉચ્ચ અધિકારી સહિત વિવિધ દળોના ઉચ્ચ અધિકારી જવાનો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વૃધ્ધાવસ્થાને ભરપૂર જીવો : વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય, જીવનશૈલી, સુખાકારી માટે માર્ગદર્શન

શહેરમાં ૧ ફેબ્રુઆરીએ સે-૩૦ જાગૃતિ પાર્કમાં નાગરિકોના આરોગ્ય અને જીવનશૈલી અંગે જાહેર બેઠક યોજાઈ હતી. જેમાં પર્યાવરણ, ફીટનેસ, સમતોલ આહાર, વૃધ્ધાવસ્થા



જેવા અલગ અલગ વિષયો પર વિવિધ તજજ્ઞોએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય વકતા અનિલ કકકડ એ વધતા જતા ગ્લોબલ વોર્મિંગ વિશે સજાગ થઈ સરકારના પેપરલેસ અભિયાનને અપનાવવાની તથા શાકાહારી અને માંસાહારી આહારના સમતોલન અંગે સલાહ આપી હતી. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્ય મનહરલાલ શાહ દ્વારા લાફિંગ પ્રવૃત્તિઓ અને એરોબિક કસરતો કયારે અને કઈ રીતે કરવી તથા તેના ફાયદા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉજ્જીવન ફાઈનાન્સ બેંક અમદાવાદના અધિકારી ગીતાબેન પટેલ દ્વારા નાગરિકોને તેમની મૂડીના સલામત રોકાણ અંગે જાણકારી આપવામાં આવી હતી. બ્રહ્માકુમારી કૃપલ દીદી દ્વારા આધ્યાત્મિક શૈલીમાં ઉપદેશ અપાયો હતો. વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડથી પધારેલા મહેન્દ્ર મુનિ દ્વારા સકારાત્મક વિચારો સાથે પ્રસન્ન જીવન જીવવાની પ્રેરણા અપાઈ હતી. આર્યસમાજ સાથે જોડાયેલા વર્ષાબેન દવે દ્વારા પંચત્વ નેચરોપેથી અંગે જાણકારી અપાઈ હતી. કાર્યક્રમમાં વિશિષ્ટ ફાળો અગ્રણી નાગરિક પ્રવિણ પ્રબતાણીનો રહ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ સ્થાનિક વસાહતના પ્રમુખ મગનભાઈ ગુર્જર દ્વારા કરવામાં આવી હતી.

## @ગાંધીનગર

● વિશ્વ ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણ અંતર્ગત સે-૧૨ ઉમિયા માતાજી મંદિર ખાતે રાત્રે ૮ થી ૧૦ ગરબાનું આયોજન.

● મહાત્મા મંદિર ખાતે ઈન્ટરનેશનલ બાયર સેલર મીટ ‘ગરવી ગુર્જરી’નું આયોજન.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો ખોડીયાર મંદિર સે-૫-સી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો માયાબેન બારોટના નિવાસસ્થાન બી-૫૦૩ દેવનંદન સમિત સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો અમિતાબેન વ્યાસ પ્લોટ નં. ૫૮૧/૨, સે-૭-બી ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. સંગીતાબેન હેમુભાઈ કાવેઠીયા, ઉ.વ. ૬૮

# મા ઉમિયાના ભવ્યરથનું સંતો અને મહાનુભાવોની હાજરીમાં પરિભ્રમણ યોજાશે

ગાંધીનગર, તા.૩


શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા વિશ્વ ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદથી રથ ૫ ફેબ્રુઆરી સોમવારના દિવસે પધરામણી કરશે તે નિમિત્તે મા ઉમિયા સંસ્થાનમાં રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. રથ ૫ ફેબ્રુઆરીના રોજ મંદિરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રી, સમદર્શન આશ્રમના ગુરૂમા સમાનંદજી તથા બ્રહ્માકુમારી સંસ્થાના વડા બ્રહ્માકુમારી કૈલાશદીદી તથા અન્ય સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિ તેમજ આર્શીવચન સાથે સવારે ૭.૪૫ કલાકે પ્રસ્થાન થશે. સવારથી બપોર દરમિયાન સે-૧ થી ૧૨ અને બપોરબાદ સે-૧૩ થી ૩૦માં નગરજનો, ઉમિયા પરિવારો અને માઈ ભાવિક ભકતો સાથે વાહનો સહિત રથયાત્રા પરિભ્રમણ કરશે. ભાવિક ભકતોને આ પ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાન સે-૧૨ દ્વારા રથયાત્રામાં હાજર રહેવા જણાવાયું છે.

# ‘તમારી હિંમત જ તમને કેન્સર સામે જીતાડશે’

## આજે વિશ્વ કેન્સર દિવસે ગાંધીનગરની કેન્સર પિડીત મહિલાની પ્રેરક કહાની : અમદાવાદ કેન્સર ફાઉન્ડેશન અંતર્ગત હોસ્પિટલ દ્વારા મહિલાને કેન્સર સામે ‘વિનર’ની ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૩

વિશ્વભરમાં તા. ૪થી ફેબ્રુઆરીને ‘વિશ્વ કેન્સર દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ આ મહારોગ પ્રત્યે વૈશ્વિક જાગૃતિ ફેલાય અને વિશ્વ વ્યાપી ભરડો લઈ રહેલા મહારોગની વધતી જતી પકડને હળવી કરી શકાય. ભારતમાં એક અંદાજ મુજબ ૨૫ લાખથી વધુ કેન્સરના દર્દીઓ છે અને દર વર્ષે અંદાજે ૮ લાખ જેટલા દર્દીઓ આ મહારોગનો ભોગ બની રહ્યા છે. જેમાંથી પાંચ લાખથી વધુ દર્દીઓ આ રોગને કારણે મોતને ભેટી રહ્યા છે. આ રોગની વિકરાળતા એ છે કે અંદાજે ૨૫૦થી વધુ પ્રકારે આ રોગ થાય છે તેથી દરેક દર્દીની તકલીફ અલગ અલગ હોય છે. જો કે આધુનિક તબીબી વિજ્ઞાને પણ આ રોગ સામે બાથ ભીડવામાં કસર છોડી નથી જેના પ્રતાપે અનેક દર્દીઓએ કેન્સરને મ્હાત કરવામાં સફળતા હાંસલ કરી છે. જેમાં લીસા રે, મનિષા કોઈરાલા, સોનાલી બેન્દ્રે જેવી ફિલ્મી હસ્તીઓથી માંડીને યુવરાજસિંહ જેવા જાંબાજ ક્રિકેટરનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરમાં પણ અનેક દર્દીઓ વિવિધ પ્રકારના કેન્સર સામે ઝઝુમી રહ્યા છે. જેમાંથી કેટલાકે સફળતા પણ મેળવી છે જેમાં સેકટર-૭-ડીમાં રહેતા અંજનાબેન રાવલ એક એવું




ઉદાહરણ છે જેમનું સારવાર કરનાર હોસ્પિટલ દ્વારા ‘કેન્સર સામે વિજેતા’ની ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાંથી હિસાબનીશ તરીકે ફરજ બજાવી ૨૦૧૩માં નિવૃત્ત થનાર અંજનાબેનને નિવૃત્તિના કેટલાક મહિનાઓ પૂર્વે જ જીભનું કેન્સર હોવાનું માલુમ પડયું હતું. આમ તો વર્ષ ૨૦૦૯થી તેમને મોઢામાં એક દાંત નીચે નાનું ચાંદુ પડયું હતું જેની તેઓ સારવાર લઈ રહ્યા હતા પરંતુ અનેક તબીબો બદલવા છતાં પણ તે મટતું નહોતું વર્ષ ૨૦૧૩માં એક તબીબની સલાહથી બાયોપ્સી રિપોર્ટ કરાવતા તે ચાંદુ કોઈ સાધારણ ચાંદુ હોવાને બદલે કેન્સર હોવાનું નિદાન થયું હતું અને ૨૦૧૩માં ૧૫મી ઓગસ્ટના દિવસે તેમની અમદાવાદ ખાતે ખાનગી તબીબને ત્યાં સર્જરી કરવામાં આવી હતી. આ સર્જરી બાદ પણ ત્રણેક માસ સુધી જીભ પર પીળા રંગનું ટપકું જોવા મળતું હતું જે ત્રણેક માસમાં વિકસીને વધુ મોટું થયું જે અંગે તબીબને પુછતાં ‘આ તો કંઈ નથી, સામાન્ય છે, મટી જશે’ તેવો રૂટિન જવાબ મળ્યા કરતો હતો. અંતે તેમના પરિવારે એક પાડોશીની સલાહથી અમદાવાદમાં નવી શરૂ થયેલ



ખાનગી હોસ્પિટલમાં તેનું નિદાન કરાવ્યું અને તે નિદાનમાં ફરી બીજા સ્ટેજનું કેન્સર હોવાનું માલુમ પડતા પરિવારના સૌ કોઈ ચિંતાગ્રસ્ત બન્યા હતા. જો કે આ દરમિયાન અંજનાબેને સ્હેજ પણ હિંમત ગુમાવ્યા વિના જુસ્સાભેર કેન્સરનો સામનો કરવાનો નિશ્ચય કરી લીધો હતો તેથી પેલી હોસ્પિટલમાં તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ તેમનું ફરીથી ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઓપરેશનનો તે સમયે ચાર થી પાંચ લાખનો અધધ કહેવાય તેવો ખર્ચ પણ થવાનો હતો છતાં પરિવારના સહકાર અને અંજનાબેનની હિંમત તમામ મુશ્કેલીઓ સામે લડવા તૈયાર હતી. આ ઓપરેશન ૧૦ તબીબોની પેનલમાં અંદાજે ૯ કલાક સુધી ચાલ્યું હતું. જેમાં તેમની જીભનો કેન્સરગ્રસ્ત ભાગ કાપી નાંખવામાં આવ્યો અને તેની જગ્યાએ હાથની ચામડી લઈ નવી જીભ બનાવી લગાડવામાં આવી હતી. એક તરફ વિવિધ દવાઓના ડોઝ અને વારંવારનું ચેકઅપ અને બીજી તરફ નવી બનાવેલ જીભને સ્વાદ ઓળખવા જેવા મૂળભૂત કાર્યો કરતા થવામાં લાગતી વાર વગેરે તકલીફોમાં પણ અંજનાબેન ધૈર્યપૂર્વક તબીબોને સહકાર આપતા હતા. તેમની હિંમત જોઈને મુખ્ય તબીબે પણ કહ્યું હતું કે ‘તમારી આ હકારાત્મકતા જ તમને કેન્સર સામે જીતાડશે.’

કેન્સરની સારવારના મુખ્ય ત્રણ ભાગ હોય છે જેમાં સર્જરી, રેડિએશન તથા કિમોથેરેપીનો સમાવેશ થાય છે અને સર્જરી બાદ સતત ફોલોઅપ અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે. અંજનાબેન સતત પાંચ વર્ષ સુધી નિયમિત ફોલોએપ પ્રક્રિયાને અનુસર્યા એટલું જ નહી પરંતુ તે સાથે તેમણે યોગ પ્રાણાયામથી માંડીને નિયંત્રિત જીવનશૈલીને પણ અપનાવી લીધી હતી. સર્જરી દરમિયાન તેમની સ્વરપેટી સુધી ચકાસણી માટે ગળામાંથી ૧૦૦ જેટલા ટીસ્યુ કાઢી હોસ્પિટલ દ્વારા મુંબઈ ખાતે લેબોરેટરી તપાસ કરાવાઈ હતી. તેમજ ફોલોઅપમાં વારંવાર ૯ જેટલા રિપોર્ટસ કરાવવા પડતા હતા. આ તમામ ઝંઝટભરી પ્રક્રિયાને પાર પાડી જેના પગલે આજે તેમને હોસ્પિટલ દ્વારા ‘અમદાવાદ કેન્સર ફાઉન્ડેશન’ અંતર્ગત ‘વિનર’ એટલે કે કેન્સરને હટાવનાર દર્દી જે કેન્સરથી સંપૂર્ણપણે મુકત જાહેર કરતી ટ્રોફી આપીને સન્માનવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અંજનાબેન અગાઉ તેમની સગીબહેન પારૂલબેનને પણ સ્તન કેન્સર થયું હતું અને તેમણે પણ કેન્સરને મ્હાત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. આ લેખ લખનારના પિતાને પણ મોંઢાના કેન્સરને કારણે અડધું જડબું કાપી નાંખવાની સર્જરી કરવામાં આવી છે અને તેઓ પણ હજુ ગજબનાક હિંમત સાથે ફોલોઅપમાં કેન્સરને પરસેવો છોડાવીરહ્યા છે તેઓ અને અંજનાબેન સહિતના અનેક દર્દીઓ જેઓ આ મહારોગ સામે આત્મવિશ્વાસ સાથે ઝઝુમ્યા છે તેમને જેટલા પણ વંદન કરીએ તેટલા ઓછા છે. અંજનાબેન સાચું જ કહે છે કે ‘કેન્સર એટલે હવે કેન્સલ તેવું વિચારવું નહી, બસ મજબૂત મનોબળ અપનાવશો તો દવા પણ અસર કરશે અને તબીબોને સારવારમાં પણ સરળતા રહેશે.’

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com